# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ 62 તારીખ: 24/05/2024

રજી.એ.ડી. દ્વારા
પ્રતિ શ્રી
ડાઉ ધનાભાઇ મેમાભાઇ
મુ.પો.ચોપડવા
તાલુકો ભચાઉ
મોબાઇલ નંબર: (૧) ૯૯૭૯૭૧૮૯૧૯

વિષય:- ફોલ્ટી મીટર ના એવરેજ બીલ રદ કરવા બાબત
સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/૦૧/૦૦૨/૨૦૨૪-૨૫

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) શ્રી કાર્યપાલક ઇજનેર
પીજીવીસીએલ
વિભાગીય કચેરી
ભચાઉ
રેલ્વે સ્ટેશન પાસે ભચાઉ- કચ્છ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાયૅવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.

પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email- forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-001-002-2024-25

દઉ ધનાભાઇ મેમાભાઈ

ગામ: ચોપડવા ,તા ભચાઉ -કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી કાર્યપાલક ઇજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભચાઉ - કચ્છ............સામાવાળા.

બાબત:- ફોલ્ટી મીટરના વીજબીલ બાબત.

અરજદારતરફે:- શ્રી બળદેવ નારાંણભાઇ દઉ

સામેવાળાનાતરફે:-

(૧) જી.વી ચોધરી (જુ. ઇજનેર) પીજીવીસીએલ વિભાગીય કચેરી ભચાઉ

(૨) શ્રીમતી એ.વાય. દવે (હિસાબી અધિક્ષક (રેવ) વિભાગીય કચેરી ભચાઉ)

કોરમ:

(૧) એન.સી.મકવાણા :- ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત : સ્વતંત્રમેમ્બર

(3) શ્રી આર.સી.પટેલ :- મેમ્બર (ટેક)

સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી કોંન્ફરંન્સ હોલ ભુજ

તા.: ૧૭/૦૫/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓએ ગામ ચોપડવા મધ્યે 35 KW નું NRGPનું ગ્રાહક નંબર ૩૮૫૫૩/૧૦૦૭૦/૭થી પીજીવીસીએલ ની ભચાઉ પેટા વિભાગીય કચેરીનું વીજ જોડાણ ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓનું મીટર ફોલ્ટી થતાં તેઓએ સદર મીટર બદલવા માટે તા.૧૧/૧૨/૨૦૨૩ના રોજ ભચાઉ પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ જે અન્વયે તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ તેઓનું મીટર બદલવામાં આવેલ અને વચ્ચેના ગાળામાં એવરેજ બીલ આપવામાં આવેલ છે.

૩. અરજદારશ્રીને તા.૧૪/૦૨/૨૦૨૪ના રોજ લેબમાં બોલાવી મીટરનું રોજકામ કરેલ.લેબ ઓપન કરવામાં મીટર નું ડિસ્પ્લે બંધ હોવાનું દર્શાવતા જે અન્વયેએવરેજ બીલ આપવામાં આવેલ છે તે માટે અરજદાર દ્વારા જેતે કંપનીમાં મીટર મૂકી અને રીડીંગ મેળવી તે મુજબનું બીલ આપવા અને એવરેજ બીલ સ્થગિત કરવામાટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૪ વધુ માં અરજદાર દ્વારા તારીખ૧૭.૦૫.૨૦૨૪ ની ફોરમની મીટીંગ મં હાલે કેનાલ ચાલુ થયેલ હોવાથી એમનુ વીજ વપરાશ નથી અને હાલે માસ ફેબ્રુઆરી થીશુન્ય વપરાશ ના બીલો આવે છે. અને સદરહુ કંનેક્શન નુ મીટર તારીખ૨૪.૦૧.૨૦૨૪ થી ચેંજ થયા પછી વપરાશ થયેલ નથી. એમ જણાવેલ.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>

૫. અરજદારશ્રી ગામ ચોપડવા મધ્યે ગ્રાહક નંબર ૩૮૫૫૩/૧૦૦૭૦/૭થી35 KW નું NRGP કેટેગરી નું ભચાઉ પેટા વિભાગીય કચેરી હેઠળનું વીજ જોડાણ ધરાવે છે.

૬. અરજદારશ્રીના સદર વિજ જોડાણના સ્થળ પર રેગ્યુલર મીટર રીડીંગ દરમ્યાન વીજ મીટરમાં ખામી સર્જાતા માહે નવેમ્બર-૨૩નું વીજબીલ તા.૨૩/૧૧/૨૦૨૩ના રોજ એવરેજ મુજબનું ફોલ્ટી મીટરનું બીલ આપવામાં આવેલ છે.એવી રીતે માસ ડીસે૨૦૨૩ તેમજ જાન્યુ-૨૦૨૪માં પણ ૧૩૨૩૦ યુનીટ ની એમને પાછળ ના વપરાશ ની એવરેજ ની ગણત્રી મુજબ બીલ આપવામાં આવેલ છે.

૭ તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ સ્થળ પર ગ્રાહકના પ્રતિનિધિ શ્રી બળદેવભાઈ ડવની હાજરીમાં મીટર બદલવામાં આવેલ હતું, ત્યારબાદ લેબ રોજકામ માટે કુલ ત્રણ તારીખ ૧૯.૦૨.૨૦૨૪,૨૦.૦૨.૨૦૨૪ અને ૨૧.૦૨.૨૦૨૪ ગ્રાહકને નોટીશ દ્વારા અનુક્રમે પત્ર નંબર ૭૭૪/તારીખ ૦૯.૦૨.૨૦૨૪, જાણ કરવામાં આવેલ હતી.ત્યારે તેઓ લેબમાં રોજકામમાં હાજર રહી નહી શકે તેવી લેખીત અરજીમુજબ તા.૧૪/૦૨/૨૦૪ના રોજ ગ્રાહકના



ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ કચ્છ

પ્રતિનિધિ શ્રી બળદેવભાઈ ડવની હાજરીમાં લેબ રોજકામ મુજબ વીજમીટરની ડિસ્પ્લે ઓફ બતાવેલ છે.જેના કારણે રીડીંગ મળી શકેલ નથી કે મીટરના MRI પણ મળેલ ન હતા.

૮. ત્યારબાદ તા.૨૮/૦૨/૨૦૨૪ની વકીલશ્રી મારફત કરેલ લેખીત રજૂઆત તથા મૌખિક વિનંતીની રજૂઆતના અન્વયે તા૦૭/03/૨૦૨૪ ના રોજ બીજીવાર લેબમાં ગ્રાહકના પ્રતિનિધિને હાજર રાખીને રીડીંગ તેમજ મીટરના MRI ડેટા લેવા ટ્રાય કરતા લેબોરેટરીમાં મીટરને બાહ્ય બાજુથી થપ- થપાવીને સપલાય આપતા મીટરની ડીસપ્લે શરુ થયેલ હતી તથા MRI ડેટા લેવા ટ્રાય લેતા MRI ડેટા લેતા MRI મળેલ હતી

૯ MRI ડેટા નો અભ્યાસ મુજબ તારીખ ૧૮.૧૧.૨૦23 ના રોજ મીટર નુ રીડીંગ 61156 Kwh મળેલ છે. ત્યારે બાદ Power Failure Event તારીખ ૧૭.૧૧.૨૦૨3 નોંધાયેલ છે.

૧૦ વધુમાં પીજીવીસીએલ તરફથી તારીખ ૧૭.૦૫.૨૦૨૪ ની ભુજ ફોરમ ની મીટીંગ સદરહુ અરજદાર ના અગાઉ પણ તારીખ ૦૨.૦૭.૨૦૨3 અને તારીખ ૧૧.03.૨૦૨૨ ના રોજ પણ મીટર બદ્લાયેલ એમ જણાવેલ છે.

૧૧ તારીખ ૦૭.03.૨૦૨૪ ના રોજકામ તથા MRI ડેટા ના અભ્યાસ મુજબ મળેલ રીડીંગ તફાવત નુ તેમજ ત્યારબાદ તારીખ ૧૭.૧૧.૨૦૨3 પછીના ફોલ્ટી બીલની એવરેજ રકમ સપ્લાય કોડ ૦૪/૨૦૧૫ ની કલ્મ ૬.૫૮ મુજબ નીચે મુજબની રીતે ગણતરીકરેલ છે.

**Actual bill in LT Billing for faulty meter**

| Month | Remarks | Present reading | Past reading | Consumtiont | Bill amount |
|---|---|---|---|---|---|
| Nov 2023 | Faulty | 47798 | 47798 | 13230 | 130158.00 |
| Dec 2023 | Faulty | 47798 | 47798 | 13230 | 139271.73 |
| Janu 2024 | Meter change | 47798<br>10 | 47798<br>01 | 13230 | 130158.00 |
| Revised fuel charge credit | | | | | -7938.00 |
| Total Bill | | | | | 391649.73 |
| | | | | | |

૧૧.૧

To Be billed as per MRI Data

| | | | | | |
|---|---|---|---|---|---|
| Nove 2023 | As per lab reading | 61156 | 47798 | 13358 | 131386.80 |
| Dece 23 | Average | | | 32063* | 316408.53 |
| January 2024 | | | | | |
| New Meter | | 10 | 01 | 9 | 447795.33 |

- Average unit count as under

Average unit last three month total Consumption 43071 Unit /30 Days per day unit 478.56 average day date of Power failure event in MRI 19.11.2024 to Date of meter change date24.01.2024 total days 67 *478.56+ 32063 Unit

આમ ઉપરોકત કંપની ની સીસ્ટમ મુજબ બનેલ બીલ રૂ ૩૯૧૬૪૯.૭૩ અને એમની જગ્યાએ તારીખ ૦૭.૦૩.૨૦૨૪ નો રોજ થયેલ લેબ રોજકામ મુજબ અને MRI data મુજબ બનેલ બીલ રૂ ૪૪૭૭૯૫.૩૩ અરજદાર ને ખરેખર ભરવા પાત્ર છે. અને તે નિયમ મુજબ છે

ફોરમ નુ તારણ

૧૨ બન્ને પક્ષકારોની રજુઆત જોતા સદરહુ ફરિયાદ અરજદાર ને માસ નવેમ્બર ૨૦૨૩ થી માસ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન અપાયેલ ફોલ્ટી મીટરના એવરેજ બીલ બાબતની છે પીજીવીસીએલ તરફ થી સદરહુ વિવાદીત મીટરનુ તારીખ ૦૭.૦૩.૨૦૨૪ ના થયેલ લેબ રોજકામ અને તે મુજબ જુના મીટર માં મળેલતફાવત ના યુનીટ ૧૩૩૫૮ અને ઉપ્લબ્ધ થયેલ MRI Data ઉપર થી જે " Power failure Event" બતાવે છે તે મુજબ પીજીવીસીએલ દ્વારા ઉપરોકત ક્રમ નંબર ૧૧.૧ મુજબ જે અરજદાર ને ભરવાપાત્ર રકમ રૂ ૪૪૭૭૯૫.૩૩ જે પત્રક બનાવેલ છે જે યોગ્ય અને સપ્લાય કોડ ૪.૧૫ ના નિયમ ૬.૫૮ જે નીચે મુજબ છે. તે મુજબ ભરવાપાત્ર છે.

"In case of defective/stuck</stopped/burnt meter the consumer shall billed the basis of average consumption of the past three billing cycles irradiate ly preceding the date of the meter being found/reported defective. In case sufficient data are not available then average consumption during two/ three billing cycles of succeeding period may be considered. These charges shall be livable for a maximum period of three billing cycles only."

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

- પીજીવીસીએલ તરફથી ક્રમ નંબર ૧૧.૧ મુજબ આકરણી કરાયેલ રકમ રૂ ૪૪૭૭૯૫.૩૩ અરજદાર ને આ હુકમ મળ્યે દિવસ -૧૫ માં ભરપાઇ કરવી, અન્યથા પીજીવીસીએલ દ્વારા કંપની ના નિયમ મુજબ કાર્યવાહી કરવી
- આમ અરજદારની અરજી નાંમંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૧૭/૦૫/૨૦૨૦૨૪ ના રોજ જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

**ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ**

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫